# ૯.૫ ત્રણેય ભુવનના તીર્થો.

## ત્રણેય લોકના તીર્થો

ઘરે બેઠાં મનથી  તે - તે સ્થાનો ઉપર રહેલાં તીર્થંકરોને ભાવથી નમસ્કાર કરીએ અને પ્રબળ પુણ્ય ઉભું કરીએ નામથી, આકૃતિથી પ્રતીકથી અને સદેહેભાવથી રહેલાં ભગવાનો આ સમગ્ર વિશ્વનો આધાર છે જેનું સ્મરણ, નમન, અને વંદન કરવાથી પ્રભુજીની સમીપ રહેવાય છે અને પ્રભુની કૃપા સતત મળતી રહે છે તે માટે ત્રણેય લોકમાં જ્યાં - જ્યાં તીર્થંકરો છે તેને યાદ કરી ભાવથી વંદના કરીએ.

જંબૂ દ્વીપના ભરત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

જંબૂ દ્વીપના ઐરાવત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

જંબૂ દ્વીપનના મહાવિદેહ ક્ષેત્રના બત્રીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પૂર્વધાતકી ખંડના ભરત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પૂર્વાધાતકી ખંડના ઐરાવત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પૂર્વાધાતકી ખંડના મહાવિદેહ ક્ષેત્રની બત્રીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પશ્ચિમ ધાતકી ખંડના ભરત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પશ્ચિમ ધાતકી ખંડના ઐરાવત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પશ્ચિમ ધાતકી ખંડના મહાવિદેહ ક્ષેત્રની બત્રીશી તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પૂર્વ પુષ્કરવરાર્ધ દ્વીપના ભરત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પૂર્વ પુષ્કરવરાર્ધ દ્વીપના ઐરાવત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પૂર્વ પુષ્કરવરાર્ધ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રની બત્રીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પશ્ચિમ પુષ્કરાવરાર્ધ દ્વીપના ભરત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પશ્ચિમ પુષ્કરાવરાર્ધ દ્વીપના ઐરાવત ક્ષેત્રની ત્રણ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

પશ્ચિમ પુષ્કરાવરાર્ધ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રની બત્રીશ ચોવીશ તીર્થંકર ભગવાનોને નમસ્કાર.

વીશ વિહરમાન  તીર્થંકરોને નમસ્કાર.

સહસ્ત્રકૂટાન્તર્ગત વર્તમાન ચોવીશીના ચોવીશ ભગવંતોના પાંચ કલ્યાણકોને નમસ્કાર.

ઉર્ધ્વલોકના ચૌત્યોને નમસ્કાર.

વૈમાનિક દેવલોકોમાં શાશ્વત ચૈત્યો તથા પ્રતિમાઓને નમસ્કાર.

ભવનપતિ-વ્યંતરના શાશ્વત ચૈત્યોને નમસ્કાર.

જ્યોતિષચક્રના શાશ્વત ચૈત્યોને નમસ્કાર.

માનુષોત્તર પર્વત પરના શાશ્વત ચૈત્યોન નમસ્કાર.

કુંડલ દ્વીપ, રુચક દ્વીપ, નંદીશ્વર દ્વીપના શાશ્વત ચૈત્યોને નમસ્કાર.

જંબૂ દ્વીપના (મહાવિદેહ ક્ષેત્ર સિવાયના) શાશ્વત ચૈત્યોને નમસ્કાર.

જંબૂ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રના શાશ્વત ચૈત્યોને નમસ્કાર.

જંબૂ દ્વીપના મધ્યમહાવિદેહ ક્ષેત્ર ( જંબૂ વૃક્ષ, શાલ્મલિ વૃક્ષ, મેરૂ પર્વત સિવાય)ના શાશ્વત ચૈત્યોને નમસ્કાર.

જંબૂ વૃક્ષ-શાલ્મલિ વૃક્ષ પરના ચૈત્યોને નમસ્કાર.

મેરૂ પર્વત પરના ચૈત્યોને નમસ્કાર.

ભદ્રશાલવનના ચૈત્યોને નમસ્કાર.

ધાતકી ખંડના ૧,૨૭૨ ચૈત્યોને નમસ્કાર.

પુષ્કરવરાર્ધ દ્વીપના ૧,૨૭૨ ચૈત્યોને નમસ્કાર.

શ્રી શત્રુંજય મહાતીર્થ શ્રી અષ્ટાપદતીર્થ શ્રી ગિરનાર તીર્થ , શ્રી સમેતશિખર તીર્થો પરના ચૈત્યોને નમસ્કાર.

પ્રાચીન ૧૦૮ તીર્થ પરના ચૈત્યોને નમસ્કાર.

અર્વાચીન તીર્થ પરના ચૈત્યોન નમસ્કાર.

૧૦૮ પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર.